**–:: આંક –૧ ફરીયાદ લગત હુકમ ::–**

(૧) સદર કામે ફરીયાદી હાજર નથી. ફરીયાદીના વિ.વકીલશ્રી હાજર નથી. આ કામે ફરીયાદના મથાળે દર્શાવેલ આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ નથી.

(૨) સદર કેસનુ રેકર્ડ ધ્યાને લેતા, સદર કેસ સને–૨૦૨૩ થી પેન્ડીગ છે, તેમજ આ કામે આરોપીને સમંસ ઈસ્યુ કરવાનો હુકમ થયા બાદ, આ કામના આરોપી અદાલત સમક્ષ પોતે અથવા પોતાના વિ.વ.શ્રી મારફત ઉપસ્થિત થયેલ નથી અને આમ, સદર કામ ફરીયાદી ધ્વારા આરોપીને પ્રોસેસની બજવણી માટે ચાલતુ આવેલ છે પરંતુ ફરીયાદી પ્રોસેસની બજવણી કરાવી આરોપીને અદાલત સમક્ષ ઉપસ્થિત રખાવી શકેલ નથી.

(૩) આમ, આ કામે ફરીયાદી ધ્વારા આરોપીને અદાલત સમક્ષ ઉપસ્થિત રખાવવા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી આજદિન સુધી અદાલત સમક્ષ ઉપસ્થિત રહી આગળની કાર્યવાહી કરેલ નથી અને તેઓ પણ અદાલત સમક્ષ હાજર રહેતા નથી અને તેથી હાલના કેસની કાર્યવાહી આગળ ચાલી શકેલ નથી. આથી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૪૯/૨૫૬ ની સાથે કલમ–૨૦૪(૪) ની જોગવાઈઓ ધ્યાને લેતાં, આ કામે ફરીયાદી કોઈ જાતના કારણ વગર ગેરહાજર રહેલ છે, તેમજ ફરીયાદીએ હાજર રહીને કેસની આગળની કાર્યવાહી આગળ ચલાવવા માટે કોઈ કાર્યવાહી કરેલ નથી. આથી, ફરીયાદી તર્ફે નોન પ્રોસીકયુશનના અભાવે સદર ફરીયાદ ડીસમીસ કરવી આ કોર્ટને ન્યાયોચીત જણાય છે.

(૪) આ ઉપરાંત આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતનો ૨૦૦૮(૨) જી.એલ. એચ. પાના નં ૪૩૪ ઉપરનો એસ રામાક્રિષ્ના વિ. એસ રામી રેડ્ડીનો ચુકાદો તથા નામદાર વડી

અદાલતનો ૧૯૯૫ (૧) જી.એલ.આર પાન નં ૪૦૦ ઉપરનો એ.એચ.પઠાણ વિ. અમીન ટેક્ષટાઈલ નાં ચુકાદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંતો વંચાણે લેતા, જયારે ફરીયાદી પોતાની ફરીયાદ બાબતે આગળની કાર્યવાહી કરતા ન હોય તો ફરીયાદ ફરીયાદીની ગેરહાજરી અને નોન પ્રોસીકયુશનના અભાવે ફરીયાદ ડીસમીસ કરવી જોઈએ. આથી, સદર ચુકાદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંતો તથા કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતા, ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: <u>આ ખ રી હુ ક મ</u> ::–

હાલની ફરીયાદ ફરીયાદીની ગેરહાજરી અને નોન પ્રોસીકયુશનના અભાવે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૪૯ સાથે કલમ–૨૫૬ ની જોગવાઈ વંચાણે લેતા, સદર જોગવાઈઓ આધીન હાલની ફરીયાદ ડીસમીસ કરવાનો અને આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે અને તે મુજબ સદર ફરીયાદ ફેસલ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ ૧૮ મી માહે જુલાઈ સને ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : ડીસા
તારીખ: ૧૮/૦૭/૨૦૨૬

(પંકજ સુધીરભાઈ શાહ)
ત્રીજા એડીશનલ ચીફ જયુડીશ્યલ
મેજીસ્ટ્રેટ ડીસા, જી.બનાસકાંઠા
GJ01414